શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં-૧૧, ૧૨ અને ૧૪, બીજો માળ,
ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન. ૦૭૯૨૩૨૫૩૯
ફેક્સ ૦૭૯૨૩૨૫૭૫૧૩
Web: www.col.gujarat.gov.in

ક્રમાંક:શ્ર.આ.૬/ટે.૩/ ૧૯૯ /૨૦૨૩ તા: ૦૧/૦૪/૨૦૨૩

## પરિપત્ર

વિષય: ગુજરાત સરકારના વિવિધ વિભાગો/કચેરીઓ/બોર્ડ/કોર્પોરેશન દ્વારા કોન્ટ્રાક્ટર/આઉટ સોર્સીંગ એજન્સી મારફત રોકવામાં આવેલ શ્રમયોગીઓને લાગુ પડતા શ્રમ કાયદા મુખ્યત્વે લઘુત્તમ વેતન તેમજ કોન્ટ્રાક્ટ લેબર એક્ટની કાયદાકીય જોગવાઈઓ અંગે માહિતગાર કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર હેઠળની શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા વિવિધ શ્રમ અધિનિયમોનું અમલીકરણ કરવામાં આવે છે.

સરકારશ્રીના વિવિધ વિભાગો/ખાતાના વડાઓ/તાબાની કચેરીઓ/બોર્ડ/કોર્પોરેશનમાં આઉટસોર્સીંગ પદ્ધતિથી કામે રાખવામાં આવતા કર્મચારીઓને લાગુ પડતી જોગવાઈઓથી સરકારશ્રીના તમામ વિભાગો, ખાતાના વડા, તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ કલેક્ટરશ્રી તેમજ તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને શ્રમ આયુક્તની કચેરીના તા. ૧૮/૧૦/૨૦૨૧ના પત્ર ક્રમાંક:શ્ર.આ.૬/ટે.૬/૧૧૮૮ થી ૧૨૯૦/૨૦૨૧થી અગાઉ માહિતગાર કરવામાં આવેલ, વધુમાં અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા તા.૩૦/ ૦૫/ ૨૦૨૨ના રોજના પરિપત્ર પ્રમાણે કોન્ટ્રાક્ટ મજૂર(નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ શ્રમયોગીઓને ઈ.એસ.આઈ. અને ઈ.પી.એફ.ની જોગવાઈઓનું પાલન થાય અને શ્રમિકોને તેનો લાભ મળે તે તરફ ધ્યાન દોરવામાં આવેલ, આઉટસોર્સીંગ એજન્સીઓ મારફતે કામગીરી કરાવવામાં આવે તે સમયે તમામ સરકારી કચેરીઓએ નીચે મુજબની જોગવાઈઓનું પાલન કરવાનું તથા કોન્ટ્રાક્ટર/આઉટસોર્સીંગ એજન્સી તેનું પાલન કરે તે સુનિશ્ચિત કરવાનું રહે છે.

(૧) આઉટસોર્સીંગ પદ્ધતિથી ૫૦ કે તેથી વધારે કોન્ટ્રાક્ટ કર્મચારીઓ કામે રાખેલ હોય ત્યારે કોન્ટ્રાક્ટ મજૂર(નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ સરકારશ્રીના જે-તે વિવિધ વિભાગો/ખાતાના વડાઓ/તાબાની કચેરીઓએ મુખ્ય માલિક તરીકે IFP(Investors Facilitation Portal) મારફત online નોંધણી ફરજિયાત કરાવવાની રહે છે.

(૨) જે કોન્ટ્રાક્ટર/ આઉટસોર્સીંગ એજન્સી/સંસ્થા દ્વારા જે-તે કામ/કચેરીના સ્થળે ૫૦ કે તેથી વધારે કોન્ટ્રાક્ટ કર્મચારીઓ કામે રાખવામાં આવે ત્યારે કોન્ટ્રાક્ટ મજૂર(નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ આવા કોન્ટ્રાક્ટર/ આઉટસોર્સીંગ એજન્સી/સંસ્થાએ આ કાયદા હેઠળ IFP(Investors Facilitation Portal) મારફત online લાયસન્સ ફરજિયાત લેવાનું રહે છે. આ લાયસન્સ મેળવવા માટે મુખ્ય માલિક તરીકે જે-તે કચેરીએ આ સાથે બિડાણ-૧ થી સામેલ ફોર્મ-V સબંધિત કોન્ટ્રાક્ટરને ઈશ્યૂ કરવાનું રહે છે.

(૩) કોન્ટ્રાક્ટર/ આઉટસોર્સીંગ એજન્સી મારફત કરાવવામાં આવતી કામગીરીનો લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ અનુસૂચિત રોજગારીમાં સમાવેશ થતો હોય તો તે અનુસૂચિત રોજગારી હેઠળ ઠરાવેલ લઘુત્તમ વેતન અને ખાસ ભથ્થું ચૂકવવાનું રહે છે અને જો આવી કામગીરીનો લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ અનુસૂચિત રોજગારીમાં

સમાવેશ થતો ન હોય તો કોન્ટ્રાક્ટ કર્મચારી માટે ઠરાવેલ વેતન અને ખાસ ભથ્થું ચૂકવવાનું રહે છે. ૨૦ થી વધુ શ્રમયોગીઓ કામે રાખેલ હોય તો વેતનની ચૂકવણી બેંક એકાઉન્ટ મારફતે જ કરવાની રહે છે.

તાજેતરમાં લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ ૪૬ અનુસૂચિત રોજગારી માટેના લઘુત્તમ વેતન ના દર શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તા.૨૭/૩/૨૦૨૩ના રોજના જાહેરનામાથી બહાર પાડવામાં આવેલ છે. જેનો અમલ તા.૦૧/૦૪/૨૦૨૩ના રોજથી કરવાનો રહેશે. જેના દર નીચે મુજબ છે.

| અ.નં | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક મૂળ વેતન દર (રૂ./-) | |
|---|---|---|---|
| | | ઝોન-૧(*) | ઝોન-૨ (*.) |
| ૧ | કુશળ | ૪૭૪.૦૦ | ૪૬૨.૦૦ |
| ૨ | અર્ધ કુશળ | ૪૬૨.૦૦ | ૪૫૨.૦૦ |
| ૩ | બિન કુશળ | ૪૫૨.૦૦ | ૪૪૧.૦૦ |

(*) ઝોન-૧ એટલે મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાઓ તથા અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીનો વિસ્તાર

(*.) ઝોન-૨ એટલે ઝોન-૧માં સમાવેશ કર્યો ન હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારો.

કોન્ટ્રાક્ટ શ્રમયોગીઓને લઘુત્તમ વેતન અધિનિયમ મુજબ ચુકવણી કરવી પ્રાથમિક જરૂરિયાત છે. પ્રત્યેક શ્રમયોગીને લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળના શીડયુલ એમ્પ્લોયમેન્ટ માટે કાયદાકીય મળવાપાત્ર જોગવાઈ તથા તે અન્વયે સંબંધિત મુખ્ય માલિક/કોન્ટ્રાક્ટરની નાણાકીય જવાબદારી અંગે ગણતરીનું પત્રક (ઉદાહરણ તરીકે) નીચે મુજબ છે.

| અનુ. નં | કાયદાકિય જોગવાઈ | નાણાકીય દર | નાણાકીય જવાબદારી (રૂ./-) | | |
|---|---|---|---|---|---|
| | | | કુશળ | અર્ધ કુશળ | બિનકુશળ |
| | મૂળ પગાર (ઝોન-૧ ) | | ૪૭૪.૦૦ | ૪૬૨.૦૦ | ૪૫૨.૦૦ |
| | દૈનિક ખાસ ભથ્થુ (હાલમાં) | | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧ | લઘુત્તમ વેતન | | ૪૭૪.૦૦ | ૪૬૨.૦૦ | ૪૫૨.૦૦ |
| ૨ | પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ હેઠળનો ફાળો | ૧૩% | ૬૧.૬૨ | ૬૦.૦૬ | ૫૮.૭૬ |
| ૩ | કામદાર રાજ્ય વીમા અધિનિયમ હેઠળનો ફાળો/કામદાર વળતર અધિનિયમની જોગવાઈ | ૩.૨૫% | ૧૫.૪૦ | ૧૫.૦૧ | ૧૪.૬૯ |
| ૪ | બોનસ | ૮.૩૩% | ૩૯.૪૮ | ૩૮.૪૮ | ૩૭.૬૫ |
| ૫ | કુલ દૈનિક નાણાંકીય જવાબદારી | | ૫૯૦.૫૦ | ૫૭૫.૫૫ | ૫૬૩.૧૦ |
| ૬ | કુલ માસિક નાણાંકીય જવાબદારી (કુલ દૈનિક * ૨૬ દિવસ ) | | ૧૫૩૫૩.૨૪ | ૧૪૯૬૪.૩ | ૧૪૬૪૦.૬ |

ઉપરોક્ત માસિક નાણાંકીય જવાબદારી માસના ૨૬ કામના દિવસોને ધ્યાને લઈ દર્શાવવામાં આવેલ છે. વધુમાં, કોન્ટ્રાકટ શ્રમયોગીઓ કે જેઓને સમાવેશ શીડયુલ એમ્પ્લોયમેન્ટમાં થતો નથી તેમના લઘુત્તમ વેતનના દરો હાલ શ્રમ આયુકતશ્રીની કચેરીના તા. ૩૧/૦૩/૨૦૨૩ના પરિપત્ર ક્રમાંક:-શ્ર.આ.૬/ટે.૩/૧૭૫/૨૦૨૩ પ્રમાણે રહેશે.

(૪) કોન્ટ્રાક્ટર અથવા આઉટસોર્સીંગ એજન્સી મારફત કોન્ટ્રાક્ટ શ્રમયોગીઓ કામે રાખેલ હોય તેવા કિસ્સામાં જો કોન્ટ્રાક્ટર કે આઉટસોર્સીંગ એજન્સી/સંસ્થા **કોન્ટ્રાક્ટ કર્મચારીઓને વેતન ન ચૂકવે તો વેતન ચૂકવવાની જવાબદારી મુખ્ય માલિકની બને છે** તેવી જોગવાઈ કોન્ટ્રાક્ટ મજુર(નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ કરવામાં આવેલ છે.

(૫) આઉટસોર્સીંગથી કામે રાખેલ કોન્ટ્રાક્ટ શ્રમયોગી/કર્મચારી ૫ વર્ષની સતત નોકરી પૂર્ણ કરે તે કિસ્સામાં પ્રત્યેક વર્ષના ૧૫ દિવસ લેખે ગ્રેજ્યુઈટીની ચુકવણી આવશ્યક છે.

(૬) શ્રમયોગીઓને દિવસના આઠ કલાકથી વધુ કામ કરાવવાના કિસ્સામાં ઓવર ટાઈમના વેતનના બમણા દરે ચુકવણું કરવાનું રહે છે.

(૭) સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૪ અન્વયે સમાન પ્રકારના કામ માટે સ્ત્રી અને પુરુષ શ્રમયોગીને એકસમાન મહેનતાણું ચુકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

**(૮) લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળ રાખેલ શ્રમયોગીઓ/કર્મચારીઓને પગાર ચિઠ્ઠી, હાજરી કાર્ડ, ઓળખકાર્ડ આપવું ફરજિયાત છે.**

(૯) ઉક્ત લઘુત્તમ વેતન દરના થયેલ વધારાને ધ્યાને લઈ શ્રમિકોને યોગ્ય લઘુત્તમ વેતન ચુકવાય તે સુનિશ્ચિત કરવાનુ રહે છે.

આ ઉપરાંત સામાજીક સુરક્ષા તથા શ્રમયોગીઓની સેવાને લગતા શ્રમ કાયદાઓ હેઠળ પ્રત્યેક કોન્ટ્રાક્ટ શ્રમયોગીને કાયદાકીય જોગવાઈ મુજબના મળવાપાત્ર લાભ મળે તે સુનિશ્ચિત કરવાનું રહે છે. વધુમાં, કોન્ટ્રાક્ટ કર્મચારીનો પ્રોવિડન્ટ ફંડનો ફાળો આઉટસોર્સીંગ એજન્સી દ્વારા ભરાયો છે કે નહિ તે મુખ્ય માલિક ચકાસી શકે તેવી સવલત EPFO ની Official Website ઉપર ઊભી કરાયેલ છે. જેના ઉપર ચકાસણી કરી શકાય છે.

આથી, કોન્ટ્રાક્ટર અથવા આઉટસોર્સીંગ એજન્સી દ્વારા બિલ રજુ કરવામાં આવે ત્યારે ઉપરોક્ત જોગવાઈઓ મુજબ શ્રમયોગીઓના પ્રોવિડન્ટ ફંડની રકમ તથા ESIC/WC હેઠળ વીમાના પ્રિમિયમની રકમ નિયમિત ધોરણે સંબંધિત કચેરીમાં જમા કરાવવામાં આવેલ છે કે કેમ તેની જરૂરી ચકાસણી કર્યા બાદ જ બિલની ચૂકવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી સૂચના તાબાના અધિકારીઓને આપવા વિનંતી છે.

શ્રમ આયુક્ત
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી
વિભાગ.............................................
સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રી,
સર્વે કલેક્ટરશ્રી,
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી,

૩૧/૩/૨૩

Amisha
29/3/23